सत्यमेव जयते

| | |
|---|---|
| કેશ પ્રાપ્તી તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| કેશ દાખલ તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| કેશ નીર્ણીત તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| અવધીઃ ૦૦ વર્ષ ૦૭ માસ ૦૮ દિવસ | |

કડાણા/ દિવડા કોલોની નાં નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.વી.ચૌહાણ) સાહેબની કોર્ટમાં.મુ. કડાણા /દિવડા કોલોની

ફો.કેશ નં -૧૬/૨૦૨૬

**આંક :- ૧૬**

શ્રી સરકાર

(ડીટવાસ પો.સ્ટે. પાર્ટ-સી ગુ.ર.નં -૧૧૧૮૭૦૦૩૨૫૦૨૫૯/૨૦૨૫)... ફરીયાદી

વિરુધ્ધ

નરેશભાઈ બળવંતભાઈ માલીવાડ ઉ.વ.આ ૨૧

રહે. રહેમાન પ્રજાપતિ ફળીયુ, તા. ખાનપુર, જી.મહીસાગર. ...... આરોપી

**બાબત :- ગુન્હો પ્રોહીબીશન એક્ટ ની કલમ-૬૫એએ,૯૮(૨),૧૧૬બી મુજબ**

==================================================

ફરીયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી. શ્રી વી.આર.પંડયા

આરોપી પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી આર.એચ.પટેલ

==================================================

**-:: ઠ રા વ ::-**

(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૭/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૨/૧૦ વાગ્યા ના સુમારે ડીટવાસ થી ઝાલાસાગ થઈ આંકલીયા જતા રોડ કેનાલ નજીક પ્રોહી પ્રતીબંધક એરીમાં ગેરકાયદેસર રીતે પોતાના કબજાના મોટર સાયકલ નં જીજે ૩૫ પી ૨૪૦૩ માં ભારતીય બનાવટના વિદેશી દારુ ના પ્લાસ્ટીકના ક્વાટરીયા તથા બીયર કુલ નંગ -૪૮ કિંમત રુ.૬૧૯૨/- તથા મોટર સાયકાલ ની

કિંમત રુ.૨૦૦૦૦/- મળી કુલ કિંમત રુ.૨૬,૧૯૨/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ પ્રોહી એક્ટ ની કલમ -૬૫એએ, ૯૮(૨),૧૧૬બી મુજબનો ગુન્હો કરેલ, તે મુજબની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં આપતા, પોલીસ સ્ટેશન અધિકારીએ ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એક્ટ નીકલમ- ૬૫એ,એ, ૯૮(૨), ૧૧૬બી મુજબનાં ગુના નુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨). આ કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ - ૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી ધ્વારા આંક- ૪ થી આરોપી વિરુધ્ધ તહોમતનામુ ઘડી આરોપીને વાંચી સંભળાવી, આંક-૫ થી આરોપી નો જવાબ રેકર્ડ કરવામાં આવતાં, આરોપીએ ગુનાનો ઇન્કાર કરતાં ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩). ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ -૨૬૫ હેઠળ આ કામે નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે :

**મૌખીક પુરાવા :-**

| અનુક્રમ | સાહેદ ની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ મંગળાભાઇ અરજનભાઇ નીનામા | ૧૦ |
| ૨. | પંચ નરસિંહભાઇ મણીયાભાઇ હરીજન | ૧૩ |
| ૩. | ફરીયાદી જયેશભાઇ ભરતભાઇ બ.નં ૩૧૭ | ૧૪ |

**દસ્તાવેજી પુરાવા :-**

| અનુક્રમ | દસ્તાવેજ ની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ પંચનામુ | ૧૧ |
| ૨. | અસલ ફરીયાદ | ૧૫ |

(૪). ફરીયાદ પક્ષનો પુરાવો લક્ષમાં લેતાં, આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થીત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ સાબીત કરે છે કે, આરોપીએ ગઇ તા.૦૭/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૨/૧૦ વાગ્યા ના સુમારે ડીટવાસ થી ઝાલાસાગ થઇ આંકલીયા જતા રોડ કેનાલ નજીક પ્રોહી પ્રતીબંધક એરીમાં ગેરકાયદેસર

રીતે પોતાના કબજાના મોટર સાયકલ નં જીજે ૩૫ પી ૨૪૦૩ માં ભારતીય બનાવટના વિદેશી દારુ ના પ્લાસ્ટીકના ક્વાટરીયા તથા બીયર કુલ નંગ -૪૮ કિંમત રુ.૬૧૯૨/- તથા મોટર સાયકાલ ની કિંમત રુ.૨૦૦૦૦/- મળી કુલ કિંમત રુ.૨૬,૧૯૨/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ પ્રોહી એક્ટ ની કલમ -૬૫એએ, ૯૮(૨),૧૧૬બી મુજબનો ગુન્હો કરેલ ?

૨. શું હુકમ ?

(૫). ઉપરોક્ત મુદ્દા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. " નકારમાં"

૨. "આખરી હુકમ મુજબ"

**--:: નિર્ણય માટેનાં કારણો ::--**

(૬). **મુદ્દા નંબર -૧ :-**

ઉપરોક્ત મુદ્દા અંગે રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદ પક્ષ તરફથી પેરા -૩ મુજબના સાહેદો ને તપાસવામાં આવેલા છે તેમજ દસ્તાવેજી પુરાવા પંચનામુ અને ફરીયાદ રજુ કરેલા છે. આ કામના પંચ સિવાય અન્ય સાહેદ ફરીયાદી ધ્વારા ફરીયાદ હકીકત ને અનુરુપ પુરાવાઓ આપેલ છે. પરંતુ તેઓએ ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે બનાવવાળી જ્ગ્યા જાહેર રસ્તા વાળો વિસ્તાર છે. જ્યાં માણસો તથા વાહનો ની સતત અવર જવર ચાલુ રહે છે, તેમજ કહેવાતા મુદ્દામાલ નો કોઇ એફ.એસ.એલ રીપોર્ટ ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી, વધુમાં આ કામે પંચો સિવાય બીજા સાક્ષીઓ પોલીસ કર્મચારી છે, આરોપીઓને લગતી તમામ માહીતી પોતે આપેલ હોવાનુ ફરીયાદમાં જણાય છે, ફરીયાદીએ સ્થળ ઉપર પંચનામુ કરેલ અને તે સમયે પંચો સાથે હતા તેમ જણાવેલ છે પરંન્તુ તેમ છતાં પંચોના નામ ફરીયાદ માં જણાવેલ નથી. પંચ સાહેદોએ તેમની જુબાની દરમ્યાન પંચનામા ની નકલ માં સહી સિવાય કોઇપણ હકીકત ને લેશ માત્ર સમર્થન આપેલ નથી. વિધ્વાન એ.પી.પી શ્રી ધ્વારા કરેલ ઉલટ તપાસમાં પણ કોઇ હકીકતને સમર્થન આપેલ નથી. જેથી પંચનામુ પુરવાર થતુ નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ગુજરાત રાજ્ય વિરુધ્ધ ભીખાભાઇ કાલીદાસ પટેલ

૧૯૮૫(૨) જી.એલ.આર પાન નં ૭૪૫ ના ચુકાદામાં જણાવેલ પંચનામા બાબતના સિધ્ધાંન્તો ધ્યાને લેતા જ્યારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનુ જણાવેલ હોય અને પંચ સાહેદોએ જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ના હોય ત્યારે આરોપીઓને દોષી ઠરાવી શકાય નહી. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદા ધીરજલાલ ગાંડાભાઇ વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એસ.આર પાન નં ૪૩૩ માં સિધ્ધાંન્ત પ્રસ્થાપિત કરેલ છે કે, વિદેશી દારુના કબજા અંગેની ધારણા જ્યારે બોટલોની પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવેલ ના હોય અને પંચોનો પુરાવો દારુ મળી આવેલ તેવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતો ના હોય ત્યારે ધી પ્રોહીબીશન એક્ટ ની કલમ ૬૫એ,ઇ, ૧૧૬બી હેઠળ કોઇ ધારણા ઉપસ્થીત કરી શકાય નહી, સદર ચુકાદાને લક્ષમાં રાખી હાલના કેસનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો મુદ્દામાલ રીકવરી પંચનામા ની હકીકત પુરવાર થવા પામતી નથી જે ફરીયાદ પક્ષના કેસ ઉપર શંકા ઉત્પન્ન કરે છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પરે પુરવાર થતો નથી તેમ મારુ માનવુ છે. વધુમાં નામદાર સુપ્રીમકોર્ટનો ચુકાદો સતિષ મહેરા વિરુધ્ધ દીલ્લી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઇમ્સ (સુ.કો) પાન નં ૮૫ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા જ્યારે રજુ થયેલ પુરાવા ઉપરથી કેસનો અંત સજામાં પરીણમશે નહી તેમ જણાય તો કોર્ટનો કિંમતી સમય ટ્રાયલની પ્રક્રીયા પુરી કરવામાં વેડફવો જોઇએ નહી. તેવા સંજોગોમાં સદરહુ કામમાં સબસ્ટેન્સીઅલ પુરાવો નોંધી તમામ સાક્ષીઓ ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ નથી, આમ ફરીયાદ પક્ષ પોતાનો કેશ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, રજુ કરેલા પુરાવા નુ મુલ્યાંકન કરતા, ફરીયાદ પક્ષના આક્ષેપોને સમર્થન મળતુ ના હોય અને દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીઓને તકશીરવાન ઠરાવી શકાય તેમ ના હોય, આરોપી સામેનો ગુન્હો પુરવાર થતો ના હોય, મુદ્દા નં ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં -૨ બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**--:: આ ખ રી હુ ક મ ::--**

૧. આ કામનાં આરોપી નરેશભાઇ બળવંતભાઇ માલીવાડ રહે. રહેમાન પ્રજાપતિ ફળીયુ, તા.ખાનપુર, જી. મહીસાગર વાળા ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-

૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટ ની કલમ-૬૫એએ, ૯૮(૨),૧૧૬બી મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનીયમ ની કલમ -૪૩૭-એ મુજબનાં રુ.૫૦૦૦/- નાં અપીલ સમય સુધીનાં જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે કરેલ પ્રોહીબીશન મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે અને કબજે લીધેલ મુદ્દામાલ વાહન બાબતે જો અગાઉ કોઇ હુકમ માલીકને પરત સોંપવા બાબતે કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે અન્યથા વાહન ના માલીકીની ખરાઇ કરી માલીક ને પરત કરવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૬ નાં રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૩/૦૮/૨૦૨૬
મુ.કડાણા/દિવડા કોલોની

જયેશ વાલજીભાઇ ચૌહાણ
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
કડાણા / દિવડા કોલોની.
જજ કોડ નં. જી જે ૦૧૪૩૧